
## જન્મદિને વધામણી



**મીના એચ ત્રિવેદી**
પાસ્ટ પ્રેસીડેન્ટ, લાયોનેસ ક્લબ



**પારૂલબેન દવે**
ઓડિટર, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ




**કનુભાઈ આર વોરા**
ટ્રસ્ટી, વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ



**નિલય શૈલેષકુમાર વ્યાસ**
મો. ૯૮૨૪૩ ૫૧૧૧૭

### પ્રથમ નવલકથાના પ્રકાશન ટાણે

# વંદન રાવલને સ્કૂલ, સંસ્થા દ્વારા અભિનંદન




ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજ્ય બાળ કવિ સંમેલનમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરનાર વંદન રાવલની નવલકથા તાજેતરમાં પ્રકાશિત થઈ રહી છે. શેઠ સી એમ હાઈસ્કૂલના ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં અભ્યાસ કરતો આ વિદ્યાર્થી સાહિત્ય ક્ષેત્રે ડગ માંડી રહ્યો છે. તેના દ્વારા પ્રકાશિત થઈ રહેલી નવલકથા વિજ્ઞાન આધારિત રહસ્ય કથા છે અને બાળકોને વિજ્ઞાનના ક્ષેત્રમાં ઉપયોગી થાય તેમજ પ્રેરિત કરે તેવી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને શાળા પરિવાર વતી તેને આ પ્રસંગે બિરદાવી, અભિનંદન પાઠવવામાં આવ્યા છે, એમ આ અંગેની એક અખબારી યાદીમાં સ્કૂલના આચાર્ય બી કે પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### મ દે શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા

# વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે સપ્તાહના કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૧૯

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા દ્વારા સ્વામિ વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે સપ્તાહની ઉજવણી રાષ્ટ્રીય સેવા યોજના એકમ હેઠળ કરવામાં આવી હતી.

આ ઉજવણી અંતર્ગત સાદરા ગામની હાઈસ્કૂલ, જ્ઞાન ધારા તીર્થ સંકુલ અને મોતીપુરા પ્રાથમિક શાળામાં સ્વામિ વિવેકાનંદ અને યુવાન વિષય પર વ્યાખ્યાન રમેશભાઈ પટેલ, ડૉ. ઉદાજી પરમાર અને ડૉ. નીરજ સિલાવટે આપ્યું હતું.

રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોએ પોસ્ટર્સ લગાવી શાળાનાં બાળકોને સ્વચ્છતા, વ્યસનમુક્તિ,



કર્યા હતાં. કેન્સર હૉસ્પિટલના દર્દીઓ પર બનાવવામાં આવેલી વ્યસન મુક્તિ અંગેની ફિલ્મ અને વન વિભાગ દ્વારા બનાવવામાં આવેલી ફિલ્મ 'જંગલ ના હો તો ક્યા હોગા ?' બાળકોને દર્શાવવામાં આવી હતી. સાથે-સાથે સ્વયં સેવક જીવન ચરિત્ર વિષયે સરસ વ્યાખ્યાન આપ્યું હતું.

કાર્યક્રમના આયોજન અને સંચાલનમાં મહત્ત્વની ભૂમિકા મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઑફિસર ડૉ. પ્રૉ. જમનાદાસ સાવલિયાએ આપી હતી. કાર્યક્રમની સફળતામાં સાદરા ગામની હાઈસ્કૂલ, જ્ઞાન ધારા તીર્થ સંકુલ અને મોતીપુરા પ્રાથમિક શાળાનાં આચાર્ય સુધાબેન યાદવ, શંકરભાઈ ચૌધરી અને જોષી સાહેબનો અમૂલ્ય ફાળો રહ્યો હતો.

# ૨૪મીએ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે 'ફૂલફટાયા ફાગણ'

ગાંધીનગર, તા. ૧૯

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તા. ૨૪ જાન્યુઆરીને રવિવારના રોજ સાંજે પાંચ કલાકે ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે કવિ પ્રિયકાંત પ્રેમચંદ મણિયારના ૯૦મા જન્મદિને 'ફૂલફટાયા ફાગણ' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

કવિ પ્રિયકાંત મણિયારની કાવ્યયાત્રા વિશે વિનોદ જોશી વક્તવ્ય આપશે.

ઓમ કૉમ્યુનિકેશનના મૅનેજિંગ ટ્રસ્ટી, કવિ મનીષ પાઠક 'શ્વેત' જણાવે છે કે છેલ્લાં બે વર્ષથી દર મહિને સાહિત્યકાર, કવિના જન્મદિન, પુણ્યતિથિએ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવે છે. આજની પેઢી અને એમાંય ખાસ યુવા પેઢીની આપણા સાહિત્યકારોનાં સર્જન પર વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી નિયમિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

### આસ્થા ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૯

આસ્થા ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર શહેરમાં જરૂરિયાતમંદ વ્યક્તિઓને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થાના મૅનેજિંગ ડિરેક્ટર તથા ડિરેક્ટર હનુપ્રિયા શર્મા, મફતલાલ એમ પટેલના હસ્તે ૧૨૫ જેટલા ધાબળાનું વિતરણ જરૂરિયાતમંદ વ્યક્તિઓને કરવામાં આવ્યું હતું. જય મફતલાલ પટેલ તથા ફોટોગ્રાફર ભાવેશભાઈએ આ સેવાકાર્ય માટે અનુકૂળ વ્યવસ્થા ગોઠવવામાં સક્રિય




સહાય કરી હતી. ધાબળા સ્વીકારીને હૂંફ પામનારા જરૂરિયાતમંદ નાગરિકોએ ટ્રસ્ટના ડિરેક્ટર્સ અંજના પટેલ, શીતલપટેલ, સતિષ પટેલ વગેરે પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વઝીર
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રોમાન્ટ કોમ્પ્લીકેટેડ (ગુજ.)
૬.૩૦

**સ્ક્રીન-૩**
ચૉક ઍન્ડ ડસ્ટર
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ
૨.૦૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦, ૯.૪૫
છેલ્લો દિવસ
૭.૦૦

**સ્ક્રીન-૫**
વઝીર
૭.૦૦
રોમાન્સ કોમ્પ્લીકેટેડ
૧૦.૦૦, ૧.૦૦
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૬**
વઝીર
૧૨.૩૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦
દિલવાલે
૧૦.૦૦

# ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજીમાં સેવાકાર્ય





ગાંધીનગર, તા. ૧૯

શ્રી ગજાનન સેવા સમિતિ, ગાંધીનગર દ્વારા ગઈકાલે શામળાજી વિસ્તારમાં અનાજ વિતરણ તથા શાળા આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમિતિ દ્વારા સુનોક તથા ખારી મુકામે કુલ ૧૧ ગામોની ૧૫૪ વૃધ્ધ નિરાધારોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જીવન જ્યોત માધ્યમિક શાળા-ખારી, પ્રાથમિક શાળા તથા એ પી ઠાકર ગર્લ્સ સ્કૂલના કુલ ૭૧૦ વિદ્યાર્થીઓને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. ઉપરાંત, આદર્શ પ્રાથમિક શાળાનાં ૨૬૦ બાળકોને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. કલ્પતરુ દ્વારા પ્રાયોજિત આ સેવાકાર્યમાં ડૉ. બોઘાણી, ડૉ. સુવિણાબેન તથા ડૉ. કૃષ્ણાનંદ ચિતણીયા જોડાયા હતા. આ ઉમદા કાર્યમાં મિલિન્દભાઈ, ગોપાલભાઈ તથા શાળાઓનાં શિક્ષકોને સહયોગ પ્રાપ્ત થયો હતો.

# શિક્ષણનો ઉદ્દેશ રાષ્ટ્રની પ્રગતિમાં બહુમૂલ્ય યોગદાન આપવાનો છે



ગાંધીનગર, તા. ૧૯

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ વિદ્યાલય ખાતે રાજ્યપાલ ઓ. પી. કોહલીના હસ્તે સુવર્ણપદક સમારંભ યોજવામાં આવ્યો હતો. પદક વિતરણ સમારોહમાં ઉત્તર ગુજરાત વિશ્વ વિદ્યાલયના ૪૭ વિદ્યાર્થીઓને રાજ્યપાલના હસ્તે ૬૦ સુવર્ણ પદક એનાયત કરાયા હતા.વિશ્વ વિદ્યાલયની નવ વિવિધ વિદ્યાશાખાઓને પદવી એનાયત કરાઈ હતી. જેમાં વિનયનમાં ૨૩, કોમર્સમાં ૦૪, વિજ્ઞાનમાં ૧૫, મેનેજમેન્ટમાં ૦૪, શિક્ષણમાં ૦૪, કાયદામાં ૦૫, કોમ્પ્યુટરમાં ૦૨, જ્યોતિષશાસ્ત્રમાં ૦૨, મેડીસીનમાં ૦૧ સુવર્ણ પદક એનાયત કરાયો હતો. રાજ્યપાલે જણાવ્યું કે, શિક્ષણનો ઉદ્દેશ રાષ્ટ્રની પ્રગતિમાં બહુમૂલ્ય યોગદાન આપવાનો છે. આજનો દિવસ સુવર્ણચંદ્રક તથા પદવી મેળવનાર વિદ્યાર્થીઓના જીવનમાં અવિસ્મણીય દિવસ બની રહેવાનો છે તેમ જણાવી ઉપસ્થિત વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ દેશના કલ્યાણ માટે કરવા તેમણે અનુરોધ કર્યો હતો. તેમણે મહાન વિભુતિઓ હેમચંદ્રાચાર્ય, ગાંધીજી, સ્વામિ વિવેકાનંદ અને મેથ્યુ ઓડનને યાદ કરતાં જણાવ્યું હતું કે, શિક્ષા હમેશાં માનવતા, કરૂણતા અને સંવેદના સાથે જોડનારી હોવી જોઈએ. વધુમાં ઉમેર્યું હતું કે વિશ્વ વિદ્યાલયોના સંચાલકોની લગન, શિક્ષકોની સભાનપુર્વક જવાબદારી અને વિદ્યાર્થીઓની ભાવના સાથે મળીને શિક્ષણ સાર્થક બને છે.


તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ જ્ઞાન સર્જનનું પ્રયોજન કેવળ જ્ઞાન માટે નહી કરતાં સમાજ અને રાષ્ટ્રના નિર્માણ માટે કરવું જોઈએ. શિક્ષા થકી સમાજના ગરીબ વર્ગ તેમજ જરૂરીયાતવાળા વર્ગનું સશક્તિકરણ થાય તે દિશામાં પ્રયત્ન કરવો જોઈએ. શિક્ષાનો ઉપયોગ આપણા માટે નહીં કરતાં સમાજ, દેશ અને રાષ્ટ્રના નિર્માણ માટે કરવો જોઈએ. કવિ નરસિંહ મહેતાએ પરાઈ પીડાને જે પીછાણે તે ખરા અર્થમાં જ્ઞાની છે તેમ જણાવ્યું હતું. જાણીતા સમાજિક સુધારક અને સંરક્ષણ નિષ્ણાત ઈન્દ્રેશકુમારે જણાવ્યું હતુ કે શિક્ષા મનુષ્યને પ્રકાશ અને મધુરતા આપે છે. આજે બદલાતા સમયમાં આપણે પણ બદલવાની જરૂર છે. જમાના સાથે તેજ ગતિમાં સાથે રહીને આગળ વધવા માટે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. શિક્ષામાં નૈતિકતા અને પ્રામાણિકતા હોવી જરૂરી છે. સમૃધ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે વિશ્વ વિદ્યાલયોએ મૂલ્યવર્ધિત નાગરિકોનું નિર્માણ કરવાનું છે.

વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ ડો. આર. એલ. ગોધરાએ યુનિવર્સિટીની વિવિધ કામગીરી અને શાખોઓની માહિતી આપતાં જણાવ્યું હતું કે ૧૯૮૬થી ૨૫૮ એકર જમીનમાં સ્થાપિત વિશ્વ વિધાલય આજે સમગ્ર વિશ્વમાં જ્ઞાનની સરવાણી વહાવી રહી છે. ૧,૩૬,૦૦ વિદ્યાર્થીઓને પાંચ જિલ્લા, ૩૪૫ કોલેજો અને દશ વિભાગોમાં વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરાવી રહી છે. ઈન્ડિયા ટુડેના નેશનલ સર્વેમાં વિશ્વ વિદ્યાલય ૨૦૧૨માં ૪૮મા ક્રમે હતી જે આજે તેની શૈક્ષણિક પધ્ધતિઓના વિકાસ થકી ૩૦મા ક્રમે આવીને ઉભી છે. આ સમારંભમાં જિલ્લા કલેકટર રાજેશ માંજુ, ઉપકુલપતિ ડો. દિપુબા દેવડા, ઈન્ચાર્જ રજિસ્ટ્રાર ડો. ડી. એમ. પટેલ, પરીક્ષા કંટ્રોલર ડો. જી. જે. ઠક્કર, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, યુનિ.ના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણ સંસ્થાનું સમાજમાં વિધાયક યોગદાન હોવું જોઈએ

'શિક્ષણ સંસ્થાનું સમાજમાં વિધાયક યોગદાન હોવું જોઈએ, 'સ્કૂલ' પણ એ દિશામાં ગતિશીલ-પ્રયત્નશીલ છે.'

આ શબ્દો લખાયા છે સ્કૂલ ઑફ ઍચીવર, કુડાસણના વાર્ષિક અંક રિફ્લેક્શન-૨૦૧૫ની પ્રસ્તાવનામાં. જાન્યુઆરી, ૨૦૧૫થી ડિસેમ્બર, ૨૦૧૫ દરમ્યાન સ્કૂલ દ્વારા આયોજિત કાર્યક્રમો, ઈવેન્ટ્સ, સૅશન્સ વગેરેના પ્રત્યેક પાસાના વર્ણન ઉપરાંત જે તે ઈવેન્ટના મૂળભૂત શૈક્ષણિક હેતુઓ પણ દર્શાવવામાં આવ્યા છે.




પ્રથમ આકર્ષક કવર પેજ પછી બીજા કવર પેજ ઉપર શિક્ષણ અંગેના સુવિચારો આપવામાં આવ્યા છે, જેમાં ગાંધીજી, સૉક્રેટિસ, નૅલ્સન મંડેલા, ઍરિસ્ટોટલ અને આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવા મહાનુભાવોના વિચારો ટાંકવામાં આવ્યા છે.




ત્રીજા પેજ ઉપર પ્રસ્તાવના અને ચોથા-પાંચમા પેજ ઉપર ચિંતન યોગ્ય મુદ્દા આપવામાં આવ્યા છે. અને શિક્ષણનો હેતુ શું હોઈ શકે? એ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે તથા તેના વૈકલ્પિક ઉત્તરો પણ સૂચવવામાં આવ્યા છે. અલબત્ત, જે ઉત્તર સ્કૂલ દ્વારા આપવામાં આવ્યો છે એ વધુ યોગ્ય લાગે છે :

'બાળકને પોતાની જાતને કંડારવા માટે મદદ કરવાની સહિયારી જવાબદારી માતા-પિતા, સ્કૂલ અને સમાજની છે.'

છઠ્ઠા અને સાતમા પાનો અનુક્રમણિકા પછી આઠમા પાને મૅનૅજિંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલનો સંદેશ અને આઠમા પાને સંસ્થાની ફિલોસૉફી સ્પષ્ટ કરવામાં આવી છે. એ પછી સંસ્થાનો દૃષ્ટિકોણ અને દસમા પાને ફાસ્ટ ફૅક્ટ્સ આપવામાં આવી છે.

સ્કૂલમાં ઉપલબ્ધ રિસોર્સિસ, શાળા પરિવારની તસવીરો સાથેની માહિતી પણ આપવામાં આવી છે અને એ પછી મંડાયો છે તસવીરો અને ઈવેન્ટ્સની મુખ્ય માહિતીનો મોટો ભંડારો. જે જો ઈ ને સહજપણે એવો વિચાર આવે કે એક વર્ષમાં એક સ્કૂલે આટલી બધી ઍક્ટીવિટીઝ કરી હશે!

અલબત્ત, અભ્યાસમાં તેજસ્વી દેખાવ કરનારા વિદ્યાર્થીઓની તસવીરો પણ એમાં છે અને થોડાક સુવિચારો પણ ખરા. પરંતુ, સરવાળે મોટાભાગનાં પાનાઓમાં પ્રવૃત્તિઓની તસવીરી ઝલક દેખાયા કરે છે.

સુંદર મુદ્રણ, સુંદર તસવીરો સાથેનો આ અંક ખરે જ આકર્ષક બન્યો છે. અને આખરી કવર પેજ ઉપર આપવામાં આવેલી સ્કૂલની જાહેરખબર પણ સોનામાં સુગંધ પૂરે એવી છે.

વર્ષદરમ્યાન સ્કૂલ દ્વારા કેટલી અને કેવી ઍક્ટીવિટી કરવામાં આવી એનો સુંદર ચિતાર ન માત્ર સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને પરંતુ આ અંકના વાચકોનેય આવી શકે એટલી સુંદર અને સરળ રીતે આ અંક તૈયાર કરવામાં આવ્યો છે ને એ રીતે વર્ષભરની પ્રવૃત્તિઓની માફક આ સુંદર વાર્ષિક અંક બદલ પણ સ્કૂલ ઑફ ઍચિવર, કુડાસણ અભિનંદનની અધિકારી બની છે!

